

# 15 ઓગસ્ટ –સ્વતંત્રતા દિવસ



તારીખ :- 15/08/2025

વાર :- શુક્રવાર

- **પ્રસ્તાવના:-**

ભારત દેશ માટે 15 ઓગસ્ટ એક મહત્વપૂર્ણ દિવસ ગણાય છે. આ દિવસે આપણો દેશ આઝાદ થયો હતો. આથીઆ દિવસને સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આપણી શાળા કિસાન માધ્યમિક વિધાલય,લુણાવાડા માં પણ આ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી હતી.

- **પ્રવૃતિનો હેતુ:-**

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો અને તેમને આઝાદીના મહત્વ વિશે સમજાવવાનો છે . આ ઉપરાંત વિદ્યાર્થીઓને  આપણા રાષ્ટ્રના ઈતિહાસ અને સંસ્કૃતિથી પરિચિત કરવાનો અને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરવાનો છે .

- **પ્રવૃતિનીવિગત:-**

કિસાન માધ્યમિક વિદ્યાલયમાં 79 માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ શિક્ષકો તથા બિન-શૈક્ષણિકસ્ટાફગણ પણ હાજર રહ્યો હતો.આ કાર્યક્રમમાં  ડૉ રવિ પટેલ(Shivamimaging center,lunawada) ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને તેમને પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં સ્વતંત્રતા દિવસનું મહત્વ સમજાવ્યુ હતું અને  દેશને આઝાદી અપાવનાર સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનની યાદ અપાવી હતી .આ ઉપરાંત શાળાના આચાર્યશ્રીએ પણ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના જાગૃત થાય અને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો ફાળો આપવા માટે પ્રેરિત કર્યા હતા.અંતમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતોનું ગાન કર્યું હતું અને તેને અનુરૂપ નૃત્ય પણ રજુ કર્યું હતું તેમજ ધો.10 અને 12 બોર્ડ પરિક્ષા -2025 માં શાળામાં પ્રથમ બે નંબર મેળવનાર વિદ્યાર્થીઓને ડૉ. રવિ પટેલ અને શાળાના આચાર્યશ્રીના હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા અને શાળાકીય પ્રવૃતિમાં પ્રથમ બે નંબર પ્રાપ્ત કરનારને પણ ઈનામ આપવામાં આવ્યા  હતા.

- ઉપસંહાર:-

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ થઈ અને તેઓ દેશ માટે કંઈક કરવાની પ્રેરણા મેળવી. આ કાર્યક્રમ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહકારથી સફળ રહ્યો.

- પ્રવૃતિ શિક્ષકશ્રીનું નામ:- રસિકભાઈ આર.પટેલ અને સુજીતસિંહ જે.પરમાર
- પ્રવૃતિના ફોટોગ્રાફ:-




Rank in
કિસાન માધ્યમિક વિદ્યાલય
A2 Grade




પ્રાર્થના પરિસર




કિસાન માધ્યમિક વિદ્યાલય
Rank in
A2 Grade
પ્રાર્થના પરિસર